| | | | | |
|---|---|---|---|---|
| **દાખલ તારીખ** | **:–** | ૦૩ | ૦૩ | ૨૦૧૭ |
| **ફેંસલ તારીખ** | **:–** | ૨૨ | ૦૧ | ૨૦૨૫ |
| **સમયગાળો** | **:–** | **વર્ષ** | **મહિના** | **દિવસ** |
| | | ૦૭ | ૧૦ | ૧૯ |

**નામદાર સુપ્રિમ કોર્ટના SUO MOTO WRIT(CRL) NO.(S)1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના ૧૭૯ A–અન્વયેના નોટીફીકેશન નંબર.સી–૨૦૦૧–૯૩ તા.૨૦.૦૫.૨૦૨૨ ના ઠરાવેલ પરફોર્મા મુજબ**

---

**અમદાવાદના મહેરબાન અધિક સત્ર ન્યાયાધિશ સાહેબશ્રીની અદાલતમાં,**

પ્રકાશ ખુબચંદ ખાનચંદાણી, અદાલત નં.૨૦,

**સેસન્સ કેસ નંબર:–૧૦૩/૨૦૧૭**

**(ચુકાદાની તારીખ:–૨૦/૦૧/૨૦૨૫)**

| | |
|---|---|
| | એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન |
| પોલીસ સ્ટેશન :–<br><br>ગુનો :– | મેઘાણીનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજીસ્ટર નંબર:–૪૭/૨૦૧૬<br><br>ઇ.પી.કોડની–૩૭૬, ૩૨૮, ૫૦૬(૧) મુજબ |

FORM-A

| | |
|---|---|
| તહોમતનામા મુજબ તહોમત :– | ઇ.પી.કોડની–૩૭૬, ૩૨૮, ૫૦૬(૧) મુજબ |
| ફરીયાદી :– | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>(મુળ ફરીયાદી–ભોગ બનનાર) |
| વિ.એ.પી.પી.શ્રી :– | શ્રીમતી મિનલબેન ભટ્ટ |
| આરોપી :– | **મુકેશભાઈ ગોવિંદભાઈ સાકરીયા**<br>ઉ.વ.૪૦, ધર્મે–હિન્દુ, ધંધો–સફાઇ કામદાર<br>રહે–મકાન નં.૫૧૦, અભિલાષા રેસીડેન્સી,<br>બ્લોક નં.૧, નિકોલ, અમદાવાદ. |
| આરોપી તરફે વિ.વકીલશ્રી :– | શ્રી પી.ટી.પાટણવાડીયા |

# FORM-B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ફરીયાદ આપ્યા અગાઉ દોઢ પોણા બે વર્ષ અગાઉ |
| ફરીયાદની તારીખ | તા.૦૮.૦૭.૨૦૧૬ |
| ચાર્જશીટની તારીખ | તા.૩૦.૦૮.૨૦૧૬ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | તા.૦૩.૦૩.૨૦૨૦ |
| પુરાવો શરુ કર્યાની તારીખ | તા.૩૦.૦૭.૨૦૨૨ |
| કેસ જજમેન્ટ ઉપર આવ્યા તારીખ | તા.૨૭.૧૨.૨૦૨૪ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવેલ છે. |

**આરોપીઓની વિગતો:–**

| નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી? | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | મુકેશભાઇ ગોવિંદભાઇ સાકરીયા | ૧૮.૦૭.૧૬ | જામીન મુકત | ઇ.પી.કોડની કલમ–૩૭૬, ૩૨૮,૫૦૬(૧) મુજબ | શંકાનો લાભ આપેલ છે | શંકાનો લાભ આપેલ છે | રેકર્ડ મુજબ |

# FORM-C

## ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ

## (એ) ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો

### –: મૌખિક પુરાવા :–

| સા.નં | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | ભોગ બનનાર | ભોગ બનનાર | પી/૯ |
| ૨ | ભોગ બનનારના પતિ | ભોગ બનનારના પતિ | પી/૧૪ |
| ૩ | ડો.મનિષ જયંતિલાલ ગાંધી | ભોગ બનનારની સારવાર કરનાર | પી/૧૫ |
| ૪ | કમલેશભાઇ રઘુનાથભાઇ સાકરીયા | પંચ સાહેદ | ૨૦ |
| ૫ | કમલેશભાઇ કાંતિભાઇ વાઘેલા | પંચ સાહેદ | ૨૨ |
| ૬ | ચિરાગ પ્રભાશંકર જોષી | પંચ સાહેદ | ૨૪ |

| | | | |
|---|---|---|---|
| ૭ | મહેશભાઇ ચંદુભાઇ વાઘેલા | પંચ સાહેદ | ૨૭ |
| ૮ | હરિશ નરોત્તમભાઇ વાઘેલા | પંચ સાહેદ | ૩૨ |
| ૯ | વિનોદભાઇ કાળીદાસ સોલંકી | પંચ સાહેદ | ૩૬ |
| ૧૦ | ડો. જીજ્ઞા શીરીષચંદ્ર દવે | આરોપીની સારવાર કરનાર | ૩૯ |
| ૧૧ | કસરુ પ્રેમજી પાટીદાર | હોટલ સરગમના મેનેજર | ૪૪ |
| ૧૨ | જયેશભાઇ અમૃતલાલ સોલંકી | પંચ સાહેદ | ૪૭ |
| ૧૩ | મયુર અશોકભાઇ ચૌહાણ | પંચ સાહેદ | ૪૯ |
| ૧૪ | મુકેશકુમાર | ભોગ બનનારના દિયર | ૫૧ |
| ૧૫ | પ્રકાશભાઇ | ભોગ બનનારના બનેવી | ૫૩ |
| ૧૬ | સુરેશભાઇ ભુરાભાઇ કલાલ | પંચ સાહેદ | ૫૪ |
| ૧૭ | સોમાજી કુલાજી ઠાકોર | પંચ સાહેદ | ૫૬ |
| ૧૮ | અલ્કાબેન વિરમભાઇ વાઘેલા | પોલીસ સાહેદ | ૫૮ |
| ૧૯ | રમેશકુમાર વશરામભાઇ પારઘી | પોલીસ સાહેદ | ૫૯ |
| ૨૦ | દિનેશચંદ્ર સોમાલાલ પુનરીયા | તપાસ કરનાર અધિકારી | ૬૦ |

## (બી) બચાવપક્ષે સાહેદો જો હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

## (બી) કોર્ટ સાહેદ જો કોઇ હોય તો,

| સાહેદ નંબર | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| – | – | – |

## ફરીયાદપક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવા:–

| અ.નં | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદીની અસલ ફરીયાદ | પી/૧૦ |
| ૨ | ભોગ બનનારની સારવારની પોલીસ યાદી અસલ | પી/૧૬ |
| ૩ | ભોગ બનનારનું સારવારનું સર્ટીફીકેટ | પી/૧૭ |
| ૪ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૨૧ |
| ૫ | ભોગ બનનારના સારવાર બાદ નમુના કબજે કર્યાનું પંચનામું | ૨૫ |
| ૬ | ભોગ બનનારના કપડા કબજે કર્યાનું પંચનામું | ૨૮ |
| ૭ | આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામું | ૩૩ |

| | | |
|---|---|---|
| ૮ | હોટલ સરગામનું ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૩૭ |
| ૯ | આરોપીની તા.૧૮.૦૭.૨૦૧૬ ની સારવારની યાદી | ૪૦ |
| ૧૦ | આરોપીની તા.૦૬.૦૮.૨૦૧૬ ની સારવારની યાદી | ૪૧ |
| ૧૧ | આરોપીનું સારવારનું સર્ટીફીકેટ | ૪૨ |
| ૧૨ | હોટલ સરગમના રજીસ્ટરના ઉતારાની નકલ | ૪૫ |
| ૧૩ | આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામું | ૪૮ |
| ૧૪ | આરોપીના સારવાર બાદ લીધેલ નમુના કબજે કર્યાનું પંચનામું | ૫૦ |
| ૧૫ | આરોપીની શરીર સ્થિતિનું પંચનામું | ૫૫ |
| ૧૬ | ચાર્જ અમલદારનો રીપોર્ટ | ૬૧ |
| ૧૭ | મુદ્દામાલ રવાનગી નોંધ | ૬૨ |
| ૧૮ | એફ.એસ.એલ.ની પહોંચ | ૬૩ |
| ૧૯ | એફ.એસ.એલ.ના પત્ર સાથે બાયોલોજી તેમજ સિરોલોજી અહેવાલ | ૬૪ |

## બચાવપક્ષ તરફે અંકે પડેલા દસ્તાવેજો

| અ.નં. | દસ્તાવેજનું નામ | આંક |
|---|---|---|
| – | – | – |

## કોર્ટ તરફે અંકે પડેલા દસ્તાવેજો

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

## <u>મુદ્દામાલની વિગત</u>

### <u>મુદ્દામાલ પાવતી નં.૮૧/૨૦૧૬, તા.૦૯.૦૭.૨૦૧૬</u>

| અ.નં. | આર્ટીકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | ૧ | ભોગ બનનારના સારવારના નમુના |

### <u>મુદ્દામાલ પાવતી નં.૮૨/૨૦૧૬, તા.૦૯.૦૭.૨૦૧૬</u>

| અ.નં. | આર્ટીકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | ૧ | ભોગ બનનારનો ચણીયો |
| ૨ | ૨ | ભોગ બનનારનો બ્લાઉઝ |
| ૩ | ૩ | ભોગ બનનારની સાડી |

### <u>મુદ્દામાલ પાવતી નં.૮૬/૨૦૧૬, તા.૧૮.૦૭.૨૦૧૬</u>

| અ.નં. | આર્ટીકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | ૧ | આરોપીનું જીન્સ પેન્ટ |
| ૨ | ૨ | આરોપીની ટીશર્ટ |

**<u>મુદ્દામાલ પાવતી નં.૮૭/૨૦૧૬, તા.૧૮.૦૭.૨૦૧૬</u>**

| અ.નં. | આર્ટીકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | ૧ | આરોપીની સારવારના નમુના |

**<u>મુદ્દામાલ પાવતી નં.૯૭/૨૦૧૬, તા.૦૬.૦૮.૨૦૧૬</u>**

| અ.નં. | આર્ટીકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | ૧ | સીલબંધ બેગ નંગ.૧ |

## -: <u>ચુ કા દો</u> :-

**૧.** આ કામના આરોપી વિરુધ્ધ જે તે નામદાર કોર્ટ દ્વારા આંક-૪ થી ઇન્ડિયન પિનલ કોડ,૧૮૬૦ ને (ટુંકમાં "ઇ.પી.કોડ")ની કલમ-૩૭૬, ૩૨૮, ૫૦૬(૧) મુજબ શિક્ષાને પાત્ર ગુનાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે.

**૨.** નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના તેમજ તાજેતરના *નિપુન સકશેના વિરુધ્ધ ભારત સરકાર,(૨૦૧૯) ૨ એસ.સી.સી. ૭૦૩* વાળા ચુકાદા અનુસાર જાતિય સતામણીના કિસ્સાઓમાં ભોગ બનનારનું નામ ચુકાદામાં પ્રસિધ્ધ કરવું ના જોઇએ તેવું પ્રસ્થાપિત કરેલ હોય, જેથી આ કિસ્સામાં ભોગ બનનારની ઓળખ છતી ન થાય તે સારુ ચુકાદામાં દરેક જગ્યાએ "ભોગ બનનાર" તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

**3.** ફરીયાદપક્ષ તરફે ભોગ બનનાર દ્વારા મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં એફ.આઇ.આર. (ટુંકમાં "ફરીયાદ") આપેલી છે. જેની ટુંકમાં હકીકત જોઇએ તો, તેણી બતાવેલ સરનામે રહે છે અને અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનમાં મેઘાણીનગર ખાતે કાયમી સફાઇ કામદાર તરીકે છ વર્ષથી નોકરી કરે છે. અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન અસારવા વોર્ડ નંબર ૧૮ માં આરોપીની માતા મણીબેન સફાઇ કામદાર તરીકે નોકરી કરે છે અને

તે બિમાર હોય તેમની જગ્યાએ આરોપી સફાઇ કામદાર તરીકે ભોગ બનનાર સાથે કામ કામ કરવા આવતો હોય, છેલ્લા બે વર્ષથી સારી રીતે ઓળખે છે અને આરોપીએ ભોગ બનનાર સાથે ધીરે ધીરે સારા સંબંધો કેળવેલા અને વિશ્વાસમાં લઇ કહેલ કે "તું મને બહુ ગમે છે મને તારી સાથે પ્રેમ થઇ ગયો છે" તેવી વાત રોજબરોજ કરતો પરંતુ ભોગ બનનારે કહેલ કે તેણી પરણિત છે અને પાંચ સંતાનો છે અને પતિ હયાત છે જેથી તેણી આરોપી સાથે સંબંધ રાખવા માંગતી નથી તેમ છતા આરોપી નોકરીના સમયગાળા દરમ્યાન ફરીયાદી પાસે આવતો અને વાતોચીતો કરી વિશ્વાસ કેળવી પ્રેમસંબંધ બાંધવા સમજાવતો અને તેણીને વાતોવાતથી જાણવા મળેલ કે આરોપી દારુ પીવાની ટેવવાળો છે જેથી તેણી તેનાથી દુર રહેતી હતી છતા તેણીની નોકરીની જગ્યાએ આવી તેણીની સાથે વાતચીત કરી પ્રેમસંબંધ બાંધવાની કોશીષ કરતો.

**૩.૧** વધુમાં ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ છે કે, આશરે પોણમા બે વર્ષ પહેલા ઉમીયાનગર વિસ્તારમાં સફાઇ કામની નોકરી હતી તે વખતે સવારે દશેક વાગે તેજ વિસ્તારમાં આરોપી સફાઇ કામ પર હતો અને તેણીની પાસે આવેલ અને એક પાસે પાણીની બોટલ ભરાવેલી તેમાંથી તેણે પાણી પીધેલ અને તેણીએ પણ તેજ બોટલમાંથી પાણી પીધેલ અને ત્યારબાદ આરોપી કોથળીમાં ચ્હા લઇ આવેલો અને પ્લાસ્ટીકના કપમાં તેણીને ચ્હા આપેલી જેથી તેણીએ ચ્હા પીવાની ના પાડેલી છતા આગ્રહ કરી ચ્હા પીવડાવી દીધેલી અને ચ્હા પીધા બાદ ધીરેધીરે તેણીને ચકકર આવવા લાગેલ જેથી આરોપીએ પુછેલ કે તેણીને શુ થાય છે જેથી તેણીએ કહેલ કે તેણીને ચકકર આવે છે અને અર્ધ બેભાન જેવી થઇ જતાં તેણીને હાથ પકડી ગણપતી મેદાન ઉમીયાનગરથી આઇ.જી.પી. કંમ્પાઉન્ડમાં આવેલ સાંઇબાબાના મંદિરની બાજુમાં આવેલ અવાવરું જગ્યામાં ઝાડીઓમાં લઇ જઇ તેણીની સાથે જબરજસ્તીથી સંભોગ કરેલો ત્યારપછી તેણીને પકડીને રોડ ઉપર લાવેલ અને રીક્ષામાં બેસાડી ઓમનગર

ક્રોસીંગ અગિયારેક વાગે ઉતારી દીધેલ અને તેણી થોડી થોડી ભાનમાં આવતા ચાલતી તેણીના ઘરે ગયેલ. ત્યારબાદ આરોપીએ તેણીની સાથે આ કર્મ કર્યા પછી તેણીને કહેવા લાગેલ કે "હવે તારે હું કહું તે જ કરવું પડશે જો નહી કરે તો તારી છોકરીઓની સગાઇ જ્યાં કરેલી છે ત્યાં જઇ તારા મારા સંબંધોની જાણ કરી દઇશ અને તારી દિકરી કોલેજમાં ભણે છે ત્યાંથી તેને ઉપાડી જઇશ. તારા જેવી તારી છોકરીઓની હાલત કરી નાંખીશ તેમજ સમાજમાં તને બદનામ કરી નાંખીશ તેવી ધમકી આપવા લાગેલ અને કહેલ કે મેં મોબાઇલમાં તારા ફોટા પાડેલ છે વિડીયો ક્લીપીંગ ઉતારેલ છે, ફોટો અને વિડીયો ક્લીપીંગ તારા ઘરવાળાને બતાવી દઇશ, મોબાઇલમાં ફરતા કરી દઇશ તેવી ધમકી આપેલી." જેથી તેણી ગભરાઇ ગયેલી અને તેણીની દિકરીઓની સગાઇ તુટી ના જાય જેથી ચુપ રહેલ અને આરોપી અવારનવાર દારુ પીવા માટે તેણીની પાસે પૈસાની માંગણી કરતા અને દારુ પી બે ચાર દિવસે આવતો અને તેણીને હેરાન કરતો અને તેની સાથે સને ૨૦૧૫ ના ઉત્તરાયણના તહેવારની આજુબાજુ હોટલ સરગમ ગેસ્ટ હાઉસ હીરાવાડી જે કૃષ્ણનગર રોડ ઉપર આવેલ છે ત્યાં લઇ ગયેલ અને હોટલ ના રજીસ્ટરનામાં તેણીનું નામ લખાવી, તેણી સહી કરતી હોવા છતા તેણીની સહી કરવાની ના પાડી જબરજસ્તીથી અંગુઠો કરાવેલ અને તેણે પણ તેનું નામ રજીસ્ટરમાં લખાવેલ અને ત્યાં રુમમાં લઇ જઇ જબરજસ્તીથી તેણીની ઇચ્છા વિરુધ્ધ તેણીની ઉપર જારકર્મ કરેલ અને તે અતિ વિકૃત થઇ જતો અને ના કરવાનું કૃત્ય કરેલ અને ત્યારબાદ તેણીને રીક્ષામાં તેણીના ઘરે મુકી ગયેલ અને ત્યારબાદ ત્રીજી વખત તેણીને પ્રથમ વખત જ્યાં લઇ ગયેલ તે જગ્યાએ સને ૨૦૧૬ ના ફેબ્રુઆરી માંસમાં જબરજસ્તીથી ધમકી આપી લઇ ગયેલ અને શરીર સંભોગ કરી બળાત્કાર કરેલ અને બાબતની જાણ તેણીએ તેણીના પતિ કે અન્ય કોઇને કરેલ નહિં. ત્યારબાદ આરોપી અવારનવાર તેણીની પાસે પૈસાની માંગણી કરતો અને ઉપર મુજબની ધમકી આપતો હોય તેણી તેના કહેવામાં

આવી ગયેલ અને તે કહેતો તેમ તેણી કરતી અને ટુકડે ટુકડે તેણીની પાસેથી આશરે દોઢ લાખ રુપિયા લઈ ગયેલ અને એક વખત પૈસા આપવાની ના પાડતા તેણીના ગળાની ચેન તોડી નાંખેલ અને જતો રહેલ.

**૩.૨** વધુમાં ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ છે કે, તા.૨૧.૦૪.૨૦૧૬ ના રોજ તેણીની બંન્ને દિકરીઓના લગ્ન કરેલ હોય, આઠ દિવસ ફરી આરોપીએ તેણીની પાસે ઉપર જણાવ્યા મુજબની માંગણીઓ ચાલુ રાખેલ અને ના–છુટકે ફરીયાદીએ સઘળી વિગત તેણીના પતિને જણાવેલ જેથી તેણીના પતિએ આરોપીને ઠપકો આપેલ તેમ છતા તેણીની સાથે સંબંધ રાખવાની માંગણી કરતો હોય અને તેણી સંબંધ ના રાખે તો તેણીની પરણિત દિકરીઓના ઘરે જઇ તેણીને બદનામી કરવાની ધમકી આપી તેમજ તેણીના કુટુંબીજનોને મારી નાંખવાની ધમકી આપતો હતો. આમ, ઉપરોકત હકીકતે વિગતવારની ફરીયાદ મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ છે.

**૪.** ઉપર મુજબના ગુનાની ફરીયાદ પોલીસ સ્ટેશનમાં રજીસ્ટર્ડ કરવામાં આવતા, તપાસ કરનાર અધિકારીએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા, ભોગ બનનાર તથા આરોપીના કપડા પંચનામાની વિગતે કબજે લીધેલ, બંન્નેની મેડીકલ સારવાર કરાવી સારવારના સર્ટીફીકેટ મેળવેલ અને ડોકટરશ્રી લીધેલ નમુના પંચનામાની વિગતે કબજે લીધેલ, આરોપી ભોગ બનનારને જે હોટલમાં લઈ ગયેલ તે હોટલનું તેમજ બનાવવાળી જગ્યાનું પંચો રુબરુ પંચનામું કરેલું, કબજે લીધેલ મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલી આપેલ જેનો અહેવાલ આવતા કામમાં સામેલ રાખી તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય, ક્રિમીનલ કેસ નંબર–૧૨૦૯/૨૦૧૯ થી એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નંબર–૩ માં ચાર્જશીટ દાખલ કરેલું છે.

૫. ત્યારબાદ આરોપીને તેમની વિરુધ્ધના કેસના પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલી છે. આરોપીને મફત કાનુની સહાયની જરુર છે કે કેમ, તે બાબતે પણ પુછવામાં આવેલું છે, પરંતુ આરોપીએ તેના સ્વખર્ચે તેના બચાવમાં ખાનગી વકીલ રોકેલા છે. ત્યારબાદ સદર કેસ એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નંબર–૩ નાઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડ,૧૯૭૩ (ટુંકમાં ક્રિ.પ્રો.કોડ)ની કલમ–૨૦૭ ની જોગવાઇઓનું પાલન કરીને કલમ–૨૦૯ હેઠળ ચાર્જશીટ અત્રેની સેસન્સ કોર્ટમાં કમીટ કરેલ અને તેનો સેસન્સ કેસ નંબર–૧૦૩/૨૦૧૭ આપવામાં આવેલ છે.

૬. ત્યારબાદ આ કામના આરોપી વિરુધ્ધ મારા પુરોગામી વિધ્વાન ન્યાયાધીશશ્રી નાઓએ તા. ૦૩.૦૩.૨૦૨૦ ના રોજ આંક–૪ થી ઇ.પી.કોડની કલમ–૩૭૬,૩૨૮,૫૦૬(૧) મુજબ સજાને પાત્ર ગુન્હો કર્યા સબબ તહોમતનામું ફરમાવી તહોમતનામું આરોપીને વાંચી સંભળાવતા આરોપીનો જવાબો આંક–૫ થી નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુન્હો કર્યાનો ઇન્કાર કરેલો છે.

૭. ત્યારબાદ ફરિયાદપક્ષે અન્ય કોઇ પુરાવો રજુ કરેલ નથી અને આંક–૬૮ ની પુરસીસથી ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયાનું જાહેર કરતાં, આરોપીનું ક્રિ.પો.કોડની કલમ ૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપીએ વિશેષ નિવેદનમાં તેમની હાજરીમાં સાંભળતા પુરાવો લેવામાં આવેલ છે તેવું જણાવી અન્ય પુરાવાના સંજોગો કે તેમની વિરુધ્ધમાં જતા હોય તે બાબતે ઇન્કાર્યત ભર્યો જવાબ આપી સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નથી અને બચાવમાં સાહેદો તપાસવા માંગે છે તેમ જણાવી વિશેષમાં જણાવેલ છે કે,"ફરીયાદી તેમજ ભોગ બનનાર ધ્વારા પોતાની દિકરીના લગ્ન અન્વયે રુપિયા મેળવી લેવા ખોટી ફરીયાદ તેમજ પુરાવા વિનાના આક્ષેપો કરી ખોટી ફરીયાદ મોડી દાખલ કરેલ છે. દોઢ કે બે વર્ષના ડીલે બાદ ખોટી ઉપજાવેલ હકીકતો જાહેર કરી ફરીયાદ કરેલ છે." વાળી હકીકત જાહેર કરેલી છે.

૮. ત્યારબાદ ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીમતી મિનલબેન ભટ્ટ ની તથા બચાવપક્ષ તરફે વિધ્વાન વકીલશ્રી પી.ટી.પાટણવાડીયાની લંબાણપુર્વકની દલીલો સાંભળી.

૯. સૌપ્રથમ ફરીયાદપક્ષ તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી મિનલબેન ભટ્ટ નાઓએ લંબાણપૂર્વકની દલીલો કરેલ છે. તેમની દલીલોનો સાર જોઇએ તો, ફરીયાદપક્ષે આરોપી સામેની આક્ષેપિત હકીકત નિશંકપણે પુરવાર કરવા સારુ કુલ ૨૦ સાહેદોને સોગંદ ઉપર તપાસેલ છે તેમજ કુલ–૧૯ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. આ કામે ભોગ બનનાર કે જે ફરીયાદી છે તેમણે આંક–પી/૯ થી સ્પષ્ટ રીતે ફરીયાદ મુજબની હકીકતો જણાવી આરોપી કે જે તેની સાથે સફાઇ કામદાર તરીકે તેની માતૃશ્રીની જગ્યાએ આવતો હતો અને પાણીની બોટલ કે જે તેઓ ઝાડ પાસે મુકી સફાઇ કામ કરતા હોય તેમાંથી પાણી પિવડાવી પ્લાસ્ટીકની થેલીમાંથી ચ્હા કે જે ભોગ બનનારે પીવાની ના પાડેલ હોવા છતા તેણીને આગ્રહ કરી પિવડાવેલ જેથી ભોગ બનનારને ચકકર આવેલ હોય, તેણીને સાંઇબાબા મંદિર પાસેની ઝાડીઓમાં લઈ જઇ તેણીની સાથે દુષ્કૃત્ય આચરેલ અને બાદમાં રીક્ષામાં બેસાડી ઓમનગર સર્કલ આગળ ઉતારી દીધેલી. આ તમામ હકીકતોનો કોઇ ખંડનાત્મ પુરાવો બચાવપક્ષે લાવવામાં આવેલ નથી. ભોગ બનનાર પર ત્યારબાદ પણ તેણીના ફોટા અને વિડીયો વાયરલ કરવાની ધમકી આપીને અવાર–નવાર આરોપી ધ્રારા દુષ્કૃત્ય કરવામાં આવેલ છે તેમજ તેણીની પાસેથી ટુકડે ટુકડે કુલ્લે રુ.૧,૫૦,૦૦૦/– જેટલી રકમ પણ પડાવી લીધેલ છે. સ્વાભાવિક છે કે આ તમામ હકીકતોનો દસ્તાવેજી પુરાવો ન હોઈ શકે તેમજ ભોગ બનનારની સોનાની ચેન પણ આરોપીએ ધમકી આપી લઈ લીધેલ છે. ભોગ બનનારને આરોપીએ સરગમ હોટલ ખાટે બોલાવેલ તે અંગે હોટલના કર્મચારી/મેનેજર સાહેદ નંબર ૧૧ આંક–૪૪ થી જણાવી જાય છે. એટલુંજ નહિં ભોગ બનનારના પુરાવાને

તેણીના પતિ તેમજ તેણીના દિયર અને બનેવીના પુરાવાથી પણ સમર્થન પ્રાપ્ત થાય છે.

**૯.૧** અંતમાં વિધ્વાન એ.પી.પી.શ્રી દ્વારા દલીલ કરવામાં આવેલ છે કે, જ્યારે ભોગ બનનાર તેમજ અન્ય સાહેદો દ્વારા આરોપી વિરુધ્ધની હકીકતો સ્પષ્ટ રીતે જણાવવામાં આવેલ હોય કે જેનું ખંડન બચાવપક્ષ કરી શકેલ ન હોય, તો એકમાત્ર ફરીયાદ ડીલે છે તે સબબ આરોપીને નિર્દોષ ઠરાવી શકાય નહિ. જેથી ફરીયાદને અનુરુપ ભોગ બનનારનો પુરાવો આવેલ છે તેમજ મેડીકલ ઓફિસરશ્રી સમક્ષ પણ ભોગ બનનારે તે મુજબની હિસ્ટ્રી આપેલ છે તેમજ તપાસ કરનાર અધિકારીને આરોપી પરત્વે કોઇ રાગદ્વેષ ન હોય કે જેથી ખોટી તપાસ કરે અને આરોપીને ગમેતેમ ગુના સાથે સાંકળી દે, જેથી આરોપીને તકસીરવાન ઠરાવી કાયદામાં મુકરર કરેલ મહત્તમ સજા ફરમાવવા અરજ કરેલ છે.

**૧૦.** આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી પાટણવાડીયાએ આંક–૭૧ થી લેખિત દલીલો રજુ કરેલ છે તે મુજબ વિસ્તૃત દલીલો પણ કરેલ છે જેમાં પ્રથમ મુદ્દો દોઢ વર્ષ પહેલાનો બનાવ જણાવી ફરીયાદ આપવામાં આવેલ છે તે અંગે દલીલ કરેલ છે કે કોઇ ખુલાસો ફરીયાદીએ તેની ફરીયાદમાં કરેલ નથી કે તપાસ કરનાર અધિકારીએ પણ કોઇ નિવેદન તે બાબતે લીધેલ નથી. જેથી માત્ર નિવેદન ઉપરથી ફરીયાદમાં ઢીલ થયેલ છે તે બાબતનો ખુલાસો માની શકાય નહિ. વધુમાં ફરીયાદમાં જ ઉલ્લેખ છે કે તા.૦૧.૦૬.૨૦૧૬ ના રોજ તેમની પત્ની અને વકીલશ્રીની સલાહ લઇ અરજી આપેલી તો તેવી કોઇ અરજી તપાસ કરનાર અધિકારીશ્રી દ્વારા રજુ થયેલ નથી કે તે બાબતે કોઇ તપાસ થયેલ નથી.

**૧૦.૧** વધુમાં વિધ્વાન વકીલશ્રીએ દલીલમાં જણાવેલ છે કે, ફરીયાદના આક્ષેપ મુજબ બનાવમાં ચ્હામાં કોઇ કેફી પીણું પિવડાવી અને દુષ્કૃત્ય કરવામાં આવેલ

છે તેમજ ફોટા અને વિડીયો વાયરલ કરવાની ધમકી આપી અવાર–નવાર દુષ્કૃત્ય આચરવામાં આવેલ છે તો એવા કોઇ ફોટા કે વિડીયો કે કેફી પીણા અંગે કોઇ તપાસ થયેલ નથી. એક રીતે તપાસ કરનાર અધિકારીની બેદરકારી કહેવાય અને બીજી રીતે આવી કોઇ હકીકતો વાસ્તવમાં હોય જ નહિ તેથી તેનું અસ્તિત્વ હોવાનું સંભવ નથી. એટલુંજ નહિં ભોગ બનનારના પુરાવા મુજબ તેણીએ રૂ.૧,૫૦,૦૦૦/– ટુકડે ટુકડે આરોપીને આપેલા તેમજ સોનાના દાગીના પણ આરોપીએ લઇ લીધેલા છે તો તે બાબતે કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.

**૧૦.૨** વધુમાં વિધ્વાન વકીલશ્રીએ દલીલમાં જણાવેલ છે કે, ભોગ બનનાર કોઇ ચોક્કસ સમય જણાવી શકતા નથી. માત્ર મભમ આક્ષેપો કરેલ છે તેમજ સફાઇ કામદાર તરીકે અન્ય સહકર્મચારીના પણ તપાસ કરનાર અધિકારીએ કોઇ નિવેદન લીધેલ નથી અને લીધેલ હોય તો તેમને સાક્ષી તરીકે દર્શાવેલ નથી. જે સાહેદો કે તેઓ કથોપકથીત પુરાવો આપનાર છે કે જેમાં ભોગ બનનારના પતિ, તેમના બનેવી અને દિયરનો સમાવેશ થાય છે. વાસ્તવામાં તેઓ ફરીયાદપક્ષના કેસમાં ગુણદોષ સાથે જોડાયેલા હોય તે મુજબ તેઓ રસધરાવનાર સાહેદ હોય તેમની જુબાનીનું કોઇ મહત્વ રહેતું નથી.

**૧૦.૩** અંતમાં વિધ્વાન વકીલશ્રીએ દલીલ કરેલ છે કે, ભોગ બનનારના પુરાવાને કોઇ મેડીકલ પુરાવાથી સમર્થન પ્રાપ્ત થયેલ નથી તેમજ કહેવાતા હોટલના મેનેજરની જુબાની દરમ્યાન રજીસ્ટરનો ઉતારો રજુ થયેલ છે તો તેમાં સ્ત્રીનું નામ પણ ભોગ બનનારનું નથી. વાસ્તવામાં આરોપીની પત્નીનું છે. આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ આક્ષેપો અન્વયે કોઇ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ ન હોય તેમજ આરોપી દારુ પીવાની ટેવવાળા છે તેવું ફરીયાદી તેમની ફરીયાદમાં કથન કરે છે તો તે અંગે કોઇ તપાસ થયેલ નથી કે આરોપી સામે તેવો કોઇ કેસ થયેલ તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર

આવતી ન હોય, તે સંજોગોમાં આરોપી સામેની આક્ષેપિત હકીકત ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરી શકેલ ન હોય, આરોપીને નિર્દોષ વિકલ્પે શંકાનો લાભ આપી છોડી મુકવા અરજ કરેલી છે.

**૧૦.૪** વિધ્વાન વકીલશ્રીએ તેમની દલીલો સાથે આંક–૭૨ ના લિસ્ટથી કુલ–૫ ચુકાદાઓ રજુ કરેલ છે જો કે આ તમામ ચુકાદાઓ નામદાર દિલ્હી ડિસ્ટ્રીકટ કોર્ટના હોય જેથી તેની કોઇ વિશેષ છણાવટ કરવાની રહેતી નથી.

**૧૧.** બંન્ને પક્ષકારોના વિધ્વાન વકીલશ્રીની દલીલો તેમજ રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ આશરે દોઢેક વર્ષ પહેલાં ફરીયાદી સાથે સંબંધો કેળવી "તું મને બહુ ગમે છે અને મને તારી સાથે પ્રેમ થઇ ગયો છે" તેમ કહી ફરીયાદીએ કહેલ કે" હું પરણીત છું, પાંચ બાળકોની માતા છું અને તારી સાથે સંબંધ રાખવા માંગતી નથી" તેમ છતાં આરોપીએ ફરીયાદીને પ્રેમસંબંધ રાખવા જણાવી, પોણા બે વર્ષ પહેલા સવારે દસેક વાગ્યાના સુમારે ફરીયાદી ઉમિયાનગર વિસ્તારમાં સફાઇ કામ કરવા ગયેલ ત્યાં આરોપીએ જઇ ચ્હામાં નશાયુક્ત પદાર્થ નાંખી, ફરીયાદીને પીવડાવતા તેણીને ચકકર આવતા, ફરીયાદીનો હાથ પકડી ગણપતી મેદાન ઉમિયાનગરથી આઇ.જી.પી. કંમ્પાઉન્ડમાં આવેલ સાંઇબાબાના મંદિર પાસે અવાવરું જગ્યામાં ઝાડીઓમાં લઇ જઇ, ફરીયાદી સાથે સંભોગ કરેલ અને ત્યારબાદ ધમકી આપેલ કે, "કોઇને વાત કરીશ તો તને તથા તારા કુટુંબીજનોને મારી નાંખીશ અને તને બદનામ કરી નાંખીશ હું તને કહું તેમ તારે કરવું પડશે"તેમ કહી

તા.૦૮.૧૦.૨૦૧૫ ના રોજ હોટલ સરગમ ગેસ્ટા હાઉસ, હિરાવાડી ખાતે લઈ જઈ હોટલના રજીસ્ટરમાં આરોપીએ પોતાની પત્ની સાહેદ નં. ૨૦ નું નામ લખાવી પોતાની પત્નીનું પ્રુફ આપી રુમ નં.૩ માં લઈ જઈ, ફરીયાદીને ધાક–ધમકી આપી બળાત્કાર સંભોગ કરી, આરોપીએ ઈ.પી.કોડની કલમ ૩૭૬, ૩૨૮, ૫૦૬(૧) મુજબ શિક્ષાને પાત્ર ગુનો આ અદાલતની હકુમતમાં કરેલ છે?

(૨) શું હુકમ?

**૧૨.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**:: <u>કા ર ણો</u> ::**

**<u>મુદ્દા નંબર ૧ પરત્વે</u>:–**

**૧૩.** બન્ને પક્ષકારોના વિધ્વાન ધારાશાસ્ત્રીશ્રીઓની દલીલો તેમજ સમગ્ર રેકર્ડ વંચાણે લેતા , આ કામના આરોપીએ આશરે દોઢેક વર્ષ પહેલાં ફરીયાદી સાથે સંબંધો કેળવી "તું મને બહુ ગમે છે અને મને તારી સાથે પ્રેમ થઇ ગયો છે" તેમ કહી ફરીયાદીએ કહેલ કે" હું પરણીત છું, પાંચ બાળકોની માતા છું અને તારી સાથે સંબંધ રાખવા માંગતી નથી" તેમ છતાં આરોપીએ ફરીયાદીને પ્રેમસંબંધ રાખવા જણાવી, પોણા બે વર્ષ પહેલા સવારે દસેક વાગ્યાના સુમારે ફરીયાદી ઉમિયાનગર વિસ્તારમાં સફાઇ કામ કરવા ગયેલ ત્યાં આરોપીએ જઇ ચ્હામાં નશાયુકત પદાર્થ નાંખી , ફરીયાદીને પીવડાવતા તેણીને ચકકર આવતા, ફરીયાદીનો હાથ પકડી ગણપતિ મેદાન ઉમિયાનગરથી આઇ .જી.પી. કંમ્પાઉન્ડમાં આવેલ સાંઇબાબાના મંદિર પાસે અવાવરું જગ્યામાં ઝાડીઓમાં

લઈ જઈ, ફરીયાદી સાથે સંભોગ કરેલ અને ત્યારબાદ ધમકી આપેલ કે, "કોઇને વાત કરીશ તો તને તથા તારા કુટુંબીજનોને મારી નાંખીશ અને તને બદનામ કરી નાંખીશ હું તને કહું તેમ તારે કરવું પડશે"તેમ કહી તા.૦૮.૧૦.૨૦૧૫ ના રોજ હોટલ સરગમ ગેસ્ટ હાઉસ, હિરાવાડી ખાતે લઈ જઈ હોટલના રજીસ્ટરમાં આરોપીએ પોતાની પત્ની સાહેદ નં. ૨૦ નું નામ લખાવી પોતાની પત્નીનું પ્રુફ આપી રુમ નં.૩ માં લઈ જઈ, ફરીયાદીને ધાકધમકી આપી બળાત્કાર સંભોગ કરી, આરોપીએ ઇ.પી.કોડની કલમ ૩૭૬, ૩૨૮, ૫૦૬(૧) મુજબ શિક્ષાને પાત્ર ગુનો કર્યાનો આક્ષેપ છે .

**૧૪.** ઇ.પી.કોડની કલમ ૩૭૬ ની જોગવાઇ ધ્યાને લેતા બળાત્કારના કિસ્સામાં ભોગ બનનારની જુબાનીને સમર્થન મળવું જ જોઇએ તેવો કાયદાનો કોઇ ચુસ્ત નિયમ નથી. પરંતુ કોર્ટ માટે એ સલાહભર્યુ છે કે આવી ભોગ બનનાર સ્ત્રી આરોપીને ખોટી રીતે સંડોવતી નથી. એટલો સંતોષ થવા માટે કંઇક પૃષ્ટિ મળે તે પણ એક ડહાપણનો નિયમ છે. વધુમાં ઠરાવ્યું કે, આવી ભોગ બનનાર સ્ત્રીની જુબાની આધારભુત હોય તો તેને મેડીકલ પુરાવાના સમર્થનની પણ જરુર નથી.

**૧૪.૧** વધુમાં આવા બનાવો જે રીતે ભોગ બનનાર સ્ત્રી અને તેના કુટુંબની આબરુને ધક્કો લાગતો હોય છે તેજ રીતે આરોપીની પણ સામાજીક પ્રતિષ્ઠાનો પ્રશ્ન સમાયેલ છે અને જ્યારે આવા બનાવની સાબિતી માટે થઇને કોર્ટ પુરાવાનું વિશ્લેષણ કરે ત્યારે કોર્ટે ઘણી સાવધાની રાખવાની રહે છે અને સિવાય કે મજબૂત અને વિશ્વસનીય પુરાવાથી આરોપીએ ગુનો કરેલ હોવાનું ખુલતું હોય, સેશન્સ અદાલત તે સિવાયના સંજોગોમાં આવા બનાવ માટે આરોપીને જવાબદાર ઠરાવી શકે નહી. ફરિયાદપક્ષે આરોપી ઉપરનું તહોમત

મજબુત અને વિશ્વસનીય પુરાવાથી સાબિત કરવાનું રહે છે જે માત્ર ને માત્ર આરોપી ઉપર મુકવામાં આવેલ આક્ષેપ મુજબનો ગુનો આરોપીએ કરેલ હોવાનું નિર્દેશ કરતો હોય અને બાકીની તમામ શક્યતાઓને નકારી દેતો હોય .

આમ, ઉપરોકત કાયદાની જોગવાઇઓ તેમજ વિવિધ ઉચ્ચ અદાલતોના ચુકાદાઓ તથા સિધ્ધાંતોને લક્ષમાં લેતા આ કામમાં રજુ થયેલા પુરાવાનું નીચે મુજબ મુલ્યાંકન કરવામાં આવેલ છે.

<u>ફરીયાદી/ભોગ બનનાર તથા તેણીના પતિ, દિયર તથા બનેવીનો પુરાવો</u>:–

**૧૫.** ફરીયાદપક્ષ તરફે **સાહેદ નંબર ૧ આ કામના ફરીયાદી/ભોગ બનનારને આંક–પી/૯** થી સોગંદ ઉપર તપાસેલ છે. તેણીના પુરાવા મુજબ મુજબ તેણીના પરિવારમાં પતિ, પાંચ બાળકો છે અને સને ૨૦૧૬ માં સફાઇકામદાર તરીકે મેઘાણીનગર ખાતે નોકરી કરતી હતી. સને–૨૦૧૬ માં આરોપીના માતા મણીબેનનાઓ સફાઇ કામદાર તરીકે નોકરી કરતા હતા પરંતુ તેઓ બિમાર હોય તેમની જગ્યાએ આરોપી સફાઇ કામદાર તરીકે કામ કરવા માટે આવતા હતા જે આરોપી તેમની સાથેજ સફાઇ કામદાર તરીકે કામ કરતા હતા. બનાવના બે વર્ષ પહેલાથી આરોપીને તેણી ઓળખે છે. આરોપી તેણીને કહેતો હતો કે "હું તને બહુ પ્યાર કરું છું તું મને બહુ ગમે છે." તો તેણીને પાંચ બાળકો છે, પતિ છે લગ્ન કરેલ છે તો તેની સાથે સંબંધ બાંધવા તૈયાર નથી, તેણીની મરજી નથી તેવું કીધેલું. આરોપી વારંવાર તેણીને કહતો હતો કે "તું મને બહુ પસંદ છે હું તને બહુ પ્યાર કરું છું. " આરોપી દારુ પીને આવતો હતો અને દારુ પીવાની વાત તેણીને ખબર પડતા તેણી તેનાથી આઘી જતી રહી.

**૧૫.૧** વધુમાં સરતપાસમાં જણાવેલ છે કે, તેણી ઉમિયાનગર ગણપતિ મેદાનમાં કામ કરીને બેઠી હતી અને આરોપી પણ બેઠેલ ત્યારે તેણી પાણીની બોટલ ઘરેથી લઇને જતી અને ઝાડ પાસે તે બોટલ ભરાઇને મુકેલ હતી તે બોટલમાંથી

આરોપીએ થોડુ પાણી પીધુ પછી તેણીએ પણ પીધુ હતું અને આરોપી તે દિવસે પ્લાસ્ટીકની થેલીમાં ચ્હા લઈને આવેલા અને પ્લાસ્ટીકના ગ્લાસમાં ચ્હા પીવાનું કહેતા તેણીએ ચ્હા પીવાની ના પાડેલી તો આરોપીએ તેણીના બચ્ચાઓની સોગંદ આપીને ચ્હા પીવાનું કહેલ જેથી તેણીએ ચ્હા પીધેલ અને ચ્હા પીધા બાદ તેણીને ચકકર આવવા લાગેલા અને માથુ ભારે થઇ ગયેલુ જેથી આરોપીએ પુછેલ કે તેણીને શુ થાય છે? તો તેણીએ કહેલ કે તેણીને ચકકર આવે છે તો ચાલ તને લઇ જવુ તેમ આરોપીએ કહેલ અને આરોપી તેણીને ગણપતિ મેદાન આઇ.જી.પી. કંમ્પાઉન્ડમાં આવેલા સાંઇબાબાના મંદિરની પાસે ઝાડીઓમાં લઇ ગયેલ અને તેણીની સાથે જબરજસ્તીથી સંભોગ કરેલ પછી ત્યાંથી તેણીને પકડીને ધીરે ધીરે રોડ ઉપર લાવીને રીક્ષામાં બેસાડી દીધેલ અને ઓમનગર ક્રોસીંગ આગળ ઉતારી દીધેલ અને ત્યાંથી તેણી ધીરે ધીરે તેણીના ઘરે ગયેલ. ત્યારબાદ બીજા દિવસે સવારે આરોપી કહેવા લાગેલ કે "હું જે કહું તે તારે કરવું પડશે નહીતો તારી છોકરી કોલેજમાં ભણે છે તેને ઉપાડી જઇશ અને તેની હાલત તારા જેવી કરી નાંખીશ, તારા ફોટા અને વિડીયો બતાવી દઇશ"તેવી વારંવાર ધાક ધમકીઓ આપતો અને દારુ પીવા માટે પૈસા માંગતો. ત્યારબાદ આરોપી ઉતરાયણની આજુબાજુ તેણીને હિરાવાડી ખાતે આવેલ સંગમ હોટલમાં લઇ ગયેલ અને રજીસ્ટરમાં તેણીનું નામ લખાવી તેણીએ સહી કરું છું તેમ કહેતા આરોપીએ તેણીનો હાથ પકડીને જબરજસ્તીથી અંગુઠો કરાવેલ અને ત્યાં રુમમાં લઇ જઇ તેણીની સાથે જબરજસ્તી કરી લાફો મારી, તેણીની સાથે તેણીની ઇચ્છા વિરુધ્ધ ના કરવાનું કામ કરેલું પછી રીક્ષામાં બેસાડી ઓમનગર ક્રોસીંગે ઉતારી દીધેલ અને વિડીયો અને ફોટો બતાવવાનું કહી તેણીને ધમકી આપેલ કે તેણીની દિકરીની સગાઇ થઇ ગઇ છે ત્યાં સાસરીમાં જઇ બધાને ફોટા અને વિડીયો બતાવી દઇશ અને તેણીના ઘરવાળાને કહી દઇશ જેથી તેણી ડરી ગયેલ અને આરોપી થોડા થોડા કરીને આશરે દોઢેક લાખ રુપિયા

તેણીની પાસેથી ધમકી આપીને લઇ ગયેલ અને તેણી આરોપીને પૈસા આપવાની ના પાડતા આરોપી તેણીના ગળાની ચેઇન ખેંચીને લઇ ગયેલ. વધુમાં સરતપાસમાં જણાવેલ છે કે, સને ૨૦૧૬ ના ચોથા મહિનામાં તેણીની બંન્ને દિકરીઓના લગ્ન કરેલા અને લગ્નના દસ દિવસ બાદ તેણી કામ ઉપર પાછી ફરેલ ત્યારે આરોપી પાછો ધાક ધમકી આપવા લાગેલ કે છોકરીઓના સાસરે જઇને કહી દઇશ તારા ઘરવાળાને જાણ કરીશ, તારા કુટુંબ વાળાને મારી નાંખીશ પછી ભોગ બનનારે તેણીના પતિને જાણ કરેલી અને તેણીના પતિએ ઠપકો આપ્યો તો પણ તમો આરોપી આવું વર્તન કરતા હતા જેથી તેણીના પતિએ આરોપી વિરુધ્ધ ફરીયાદ આપેલી તેમ જણાવી આરોપીને નામદાર કોર્ટમાં ઓળખી બતાવી, આરોપી તેણીની સાથે ઉમીયાનગર સાંઇબાબાના મંદિરની બાજુમાં ઝાડવામાં લઇ જઇ, તેણીની સાથે જબરજસ્તીથી સંભોગ કરેલ અને ધાકધમકી આપી તેમજ હિરાવાડી ખાતે સરગમ હોટલ ખાતે લઇ જઇ જબરજસ્તીથી શરીર સંભોગ રતા હતા તેમ જણાવી તેણીએ આપેલી ફરીયાદ આંક–P/ 10 થી રજુ કરી તેમાં તેણીની સહી ઓળખી બતાવી, મુ.આ.નં. ૨ થી ૪ તેણીના કપડા હોવાનું કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે.

**૧૫.૨** બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકીકત સ્વિકારે છે કે, એ વાત ખરી છે કે, નામદાર કોર્ટ રુબરુ જુબાનીમાં મેં એ વાત જણાવેલ નથી કે હાલમાં મારી નોકરી રીલીવર તરીકે ચાલે છે. એ પણ સ્વિકારે છે કે, બનાવ બન્યા બાદ દોઢ વર્ષ પછી અમોએ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી હતી, દોઢ વર્ષ પછી ફરીયાદ આપેલી તે અંગેનું કારણ તેઓએ પોલીસ રુબરુના નિવેદનમાં લખાવેલ નથી. એ હકીકત સ્વિકારે છે કે, હાલની ફરીયાદ પહેલા તેઓએ નરોડા પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુધ્ધ ફરીયાદ લખાવેલ છે.

૧૬. ફરીયાદપક્ષ તરફે **સાહેદ નંબર ૨ ભોગ બનનારના પતિને આંક– પી/૧૪** થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓના લગ્ન આશરે પાંત્રીસેક વર્ષ પહેલા ભોગ બનનાર સાથે થયેલા. તેઓને સંતાનમાં ત્રણ દિકરી અને બે દિકરા છે અને તેમની પત્ની ભોગ બનનાર અસારવા વોર્ડમાં મ્યુનિ. કોર્પોરેશનમાં સફાઇ કર્મચારી તરીકે નોકરી કરે છે અને સને ૨૦૧૬ ના એપ્રિલ માં તેમની દિકરીઓના લગ્ન હતા તે સમયે તેમની પત્ની ગભરાયેલ અને ટેન્શનમાં રહેતી હતી પછી તેઓએ તેણીને પુછતા તેણીએ જણાવેલ કે તેણી જ્યાં નોકરી કરે છે ત્યાં આરોપી સફાઇ કામદાર તરીકે આરોપીની બા ની જગ્યાએ નોકરી ઉપર આવતો હતો અને તેણીને હેરાન પરેશાન કરી અને માંગણી કરેલ કે,"તું મને ગમે છે, તને હં પ્રેમ કરું છું" જેથી તેઓએ આરોપીને બોલાવીને તેઓએ તથા તેમના જીજાજીએ સમજાવેલ કે તમે જોડે નોકરી કરો છો અને તમો જે માંગણી કરો છો તે ખોટી છે, તમારે આવું ન કરવું જોઇએ. વધુમાં સરતપાસમાં જણાવેલ છે કે, તેમની દિકરીઓના લગ્ન બાદ પણ ભોગ બનનારને આરોપી હેરાન પરેશાન કરતો હતો અને તેણીના ફોટા અને વિડીયો બતાવી ડરાવી તેના ઘરવાળાને મારી નાંખવાની ધમકી આપેલી અને મોબાઇલમાં ફોટા અને વિડીયો ક્લીપ બતાવી તેની સાથે શારીરિક સંબંધ બાંધવા આરોપી ભોગ બનનારને મજબુર કરતો હતો અને ઉમિયાનગર ગણપતિ મંદિર ના મેદાનમાં સફાઇ કામ કરવાની ભોગ બનનારની નોકરી હતી તે સમયે તેણીને થાઇરોડ અને બી.પી. ઘટી જવાની તકલીફ છે તેના કારણે ચકકર આવી જતા જેથી પાણી ઘરેથી લઇ જતી અને બોટલ ઝાડ સાથે ભરાવતી તે સમયે તેણીને ચકકર આવતા તેણી પાણી પીતી હતી તે વખતે આરોપી ત્યાં આવેલા અને શુ થાય છે તેમ પુછેલ તો તેણીએ ચકકર આવે છે તેમ જણાવેલ અને પાણી પીવડાવેલ અને આરોપી તેની સાથે ચ્હા થેલીમાં લાવેલ જે ચ્હા પીવાની ભોગ બનનારે ના પાડેલ છતા આરોપીએ સોગંદ ખવડાવીને ચ્હા પીવડાવી દીધેલ અને ત્યારબાદ તેણીને ચકકર

આવતા આરોપી તેણીને પકડીને રોડ ક્રોસ કરીને અવાવરું જગા કે જે સાંઇબાબા મંદિરની બાજુમાં આવેલ ત્યાં લઇ જઇ ભોગ બનનાર બેભાન હાલતમાં હતી તે વખતે તેની સંમતિ વગર તેની સાથે ખરાબ કામ બળાત્કાર કરેલ અને પછી રીક્ષામાં બેસાડી ઓમનગર ક્રોસીંગ ખાતે આવી ઉતારી દીધેલ. વધુમાં સરતપાસમાં જણાવેલ છે કે, ત્યારબાદ ભોગ બનનાર ઘરે આવી ગયેલ અને તેની તબિયત સારી ન હોય, તેઓએ પુછપરછ કરેલી પરંતુ કંઇ જણાવેલ નહિ અને બે ચાર દિવસ બાદ જણાવેલ કે, આરોપીને તેઓએ સમજાવેલ છતા આરોપીએ તેણીને કંઇ પીવડાવી તેણીની સાથે બળાત્કાર કરેલ છે અને આરોપીએ ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી કરેલ અને કહેલ કે "હું કહું તેમ કરવાનું તું નહી કરે તો તારા ઘરવાળાને તેમજ તારી દિકરીની જ્યાં સગાઇ કરેલ છે ત્યાં જઇને હું ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી કરેલ તે બતાવી દઇશ. તારી જે હાલત થઇ છે તેવી તારી છોકરીઓની હાલત પણ કરી દઇશ" જેથી ભોગ બનનાર ગભરાઇ ગયેલ અને આરોપીએ જેમ કહેલ તેમ તે કરવા લાગેલી. ત્યારબાદ તેમની દિકરીઓના લગ્નના બે ત્રણ મહિના પહેલા ઉતરાયણની આજુબાજુ હીરાવાડી ખાતે સરગમ હોટલમાં ડરાવીને લઇ ગયેલ અને ભોગ બનનાર સહી કરતી હોવા છતા હોટેલ રજીસ્ટરમાં તેનો જબરજસ્તીથી અંગુઠાનું નિશાન કરાવેલ અને ત્યાં આરોપીએ ના કરવાના કૃત્યો કરી ભોગ બનનારને મારઝુડ કરેલી તેમજ આરોપી ભોગ બનનારને અવારનવાર દારુ પી ને આવીને પૈસાની માંગણી કરતો હતો અને એકવાર સોનાની ચેઇન પણ લઇને જતો રહેલ અને ભોગ બનનાર પાસેથી થોડા થોડા કરીને આશરે દોઢેક લાખ રુપિયા લીધેલ જે ભોગ બનનારે તેમની દિકરીના લગ્ન માટે ભેગા કરી રાખેલ હતા. ભોગ બનનારે ઉપરોકત બનાવની તેઓને સઘળી વાત કરતા તેઓએ મેઘાણીનગર પોલીસ સ્ટેશન જઇ ફરીયાદ કરેલી તેમ જણાવી તેમ જણાવી આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે.

૧૬.૨ સદરહું સાહેદ બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, આ ફરીયાદી તેમની ભોગ બનનાર પત્નીએ બનાવના ઘણા સમય એટલે કે એક થી દોઢ વર્ષ પછી આપેલ. એ પણ સ્વિકારે છે કે, પોલીસ તપાસ દરમ્યાન વિડીયોગ્રાફી કે ફોટોગ્રાફીનો કોઇ પુરાવો પોલીસને મળેલ નથી કે તેમને મળેલ નથી તેમજ એ પણ સ્વિકારે છે કે, તેમણે સરતપાસમાં જણાવ્યા મુજબ તેમની ભોગ બનનાર પત્નીની સોનાની ચેઇન તોડીને આરોપી લઇ ગયેલાની કોઇ પોલીસ ફરીયાદ તેઓએ કરેલ નહી. એ પણ સ્વિકારે છે કે, સોનાની ચેઇન અંગેનું કોઇ બિલ પોલીસમાં તેઓએ આપેલ નથી.

૧૭. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે **સાહેદ નંબર ૧૪ ભોગ બનનારના દિયર મહેશકુમારને આંક–૫૧** થી સોગંદ ઉપર તપાસેલ છે. ભોગ બનનાર તેમના ભાભી થાય છે અને હાલ પણ તેઓ તેમના ભાઇ ભાભી સાથે રહે છે અને તેઓ રેલ્વેમાં નોકરી કરે છે અને તેમના ભાભી ભોગ બનનાર મેગાણીનગર ખાતે સફાઇ કામદાર તરીકે નોકરી કરે છે. બનાવ સને–૨૦૧૬ ની આસપાસ બનેલો, તેમના ભાભી નોકરી કરતા હતા ત્યાં આરોપી પણ તેમની મમ્મીના બદલે નોકરી કરવા આવતા હતા અને તેમના ભાભી સાથે આરોપીએ બોલવા ચાલવાના સંબંધો કેળવી વાતચીત ચાલુ કરેલી અને પછી આરોપીએ તેમના ભાભીને તું મને બહુ ગમે છે અને હું તને પ્રેમ કરું છું તેવું કહેવા લાગેલ તો તેમના ભાભીએ ના પાડેલ અને કહેલ કે તેઓ પરણિત છે અને સંતાનો છે અને તેમને આ બધુ પસંદ નથી. ત્યારબાદ સને–૨૦૧૬ ની આસપાસ તેમની ભત્રીજીઓના લગ્ન હતા તે ભોગ બનનાર ભાભી બહુ ટેન્શનમાં રહેતા હતા જેથી તેમના ભાઇએ પુછેલ તો ઉપરોકત વાત કરેલી કે આરોપી તેમને હેરાન કરે છે અને લગ્ન પહેલા ભોગ બનનારને નોકરીની જગ્યાએ આઇ.જી.પી. કંમ્પાઇન્ડમાં જ્યાં આરોપી પણ કામ કરતા હતા ત્યાં એક દિવસ આરોપીએ પાણીની બોટલ લઇ પાણી પીધેલ અને બોટલ

ઝાડ ઉપર લગાવેલી અને ત્યારબાદ બોટલમાંથી તેમના ભાભી ભોગ બનનારે પાણી પીધેલ અને ૧૦ મિનીટ પછી આરોપી કોથળીમાં ચ્હા લઈ આવેલ અને ભોગ બનનારને ચ્હા પીવા કહેલ પરંતુ તેઓએ ના પાડેલી તેમ છતા આગ્રહ કરી ચ્હા પીવડાવેલી અને બાદમાં ભોગ બનનારને ચકકર જેવું થવા લાગેલું અને પછી આરોપી ભોગ બનનારને પકડીને સાઈબાબાનું મંદિર આવેલ છે ત્યાં અવાવરું જગ્યામાં લઈ ગયેલ અને તેની સાથે બળાત્કાર કરેલ અને બહાર રોડ ઉપર લાવી રીક્ષામાં બેસાડેલ અને ભોગ બનનાર ઘરે આવેલ અને તેમને હોશ આવેલો. વધુમાં સરતપાસમાં જણાવેલ છે કે, ત્યારબાદ ભોગ બનનાર પાછી નોકરી ઉપર ગયેલ તો આરોપી ભોગ બનનારને બ્લેકમેઈલ કરતા અને કહેતા હતા કે તેણીની હાલત કરી છે તેવી તેણીની છોકરીઓની પણ કરીશ જેથી ભોગ બનનાર ડરમાં હતા અને ડર હતો કે દિકરીઓની સગાઈ તુટી જશે કારણ કે ભોગ બનનારને આરોપી બ્લેક મેઈલ કરતા હતા કે તેમના મોબાઈલમાં ફોટો વિડીયો છે અને તેઓ વાયરલ કરી દેશે તેથી કોઈને ભોગ બનનારે જણાવેલ નહિ અને બીજી વખત પણ આવી રીતે આરોપી ભોગ બનનારને કૃષ્ણનગર ખાતે આવેલ સરગમ ગેસ્ટ હાઉસમાં લઈ ગયેલ અને ત્યાં તેમના ભાભી સહી કરે છે પરંતુ જબરજસ્તીથી રજીસ્ટરમાં અંગુઠો કરાવેલો અને નામ પણ બીજું લખાવેલ અને જબરજસ્તીથી ભોગ બનનારની મરજી વિરુધ્ધ બળાત્કર કરેલ અને આરોપી ભોગ બનનારને અવારનવાર નોકરીના સ્થળે અને રસ્તામાં હેરાન કરતા અને ત્રીજી વાર પણ ભોગ બનનારને ચલ મારે તારી સાથે વાત કરવી છે તેમ કહી સૌપ્રથમ જે જગ્યાએ લઈ ગયેલ ત્યાં લઈ ગયેલ. આરોપી દારુ પિવાની આદત ધરાવતા હોય વારે ઘડીએ ભોગ બનનાર પાસેથી પૈસા લઈ જતા અને થોડા થોડા કરીને દોઢેક લાખ રુપિયા લઈ ગયેલ અને એકવાર આરોપી પૈસા લેવા આવેલ તો ભોગ બનનારે ના પાડતા તેણીના ગળામાંથી સોનાની ચેઈન લઈ ગયેલ તેમ જણાવી આરોપીને કોર્ટ રુબરુ ઓળખી બતાવેલ છે.

**૧૭.૧** સદરહું સાહેદ બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારે છે કે, આ બનાવની સૌપ્રથમ જાણ તેમના ભાઇએ તેમને કરેલી. ઉલટ તપાસમાં એમ પણ જણાવેલ છે કે, ફરીયાદ આપવા તેમના ભાઈ અને ભાભી ગયેલા અને પછી સાહેદને પાછળથી પોલીસ સ્ટેશનમાં બોલાવેલ. આ ફરીયાદ પહેલા બીજી કોઇ ફરીયાદ આ બનાવ બાબતે તેમના ભાઇ ભાભીએ આરોપી સામે કરેલ નથી. એ હકીકત સ્વિકારે છે કે,તેઓએ જે પ્રથમ બનાવ અને બીજા બનાવ કીધેલ તે બંન્ને તેમની ભત્રીજીઓના લગ્ન પહેલાનાં હતા.

**૧૮.** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે **સાહેદ નંબર ૧૫ ભોગ બનનારના બનેવી પ્રકાશભાઇને આંક–પ૩** થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓના પુરાવા મુજબ શાંતીલાલ અંબાલાલ મકવાણા તેમના સાળા થાય છે અને તેમને સંતાનમાં ત્રણ દિકરીઓ અને બે દિકરા છે. પોલીસે તેમનું નિવેદન લીધેલું. તેમના સાળાએ તેમને જે હકીકત જણાવેલી તે તેઓએ પોલીસને લખાવેલી તેમ જણાવી તેઓએ પોલીસને લખાવેલ નિવેદન મુજબ શબ્દસહ જુબાની આપી આરોપીને તેઓએ ક્યારેય જોયેલ નથી કે ઓળખતા નથી અને બનાવની ફરીયાદ તેમના સાળાવેલી(ભોગ બનનારે) આપેલી.

**૧૮.૧** સદરહું સાહેદ બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારે છે કે, તેઓએ સરતપાસમાં જણાવેલી તમામ હકીકતોની તેમને કોઇ જાત માહિતી નથી અને તેમને તેમના સાળાએ જણાવતાં તેમને ખબર પડેલી અને એ પણ સ્વિકારે છે કે, તેમનું પોલીસ રુબરુનું નિવેદન તેમના સાળાએ લખાવેલું.

**<u>તબીબી સાહેદોનો પુરાવો</u>:–**

**૧૯.** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે **સાહેદ નંબર ૩ ડો. મનિષ જયંતિલાલ ગાંધી નાઓએ આંક–પી/૧૫** થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ તા. ૦૮.૦૭.૨૦૧૬ ના રોજ રાત્રીના ૧૧.૪૪ કલાકે સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે ફરજ પર હતા તે

દરમ્યાન મેઘાણીનગર પોલીસ સ્ટેશનની યાદી સાથે વુમન પો.કો. ભોગ બનનારને મેડીકલ તપાસ અર્થે લાવેલ અને તેઓએ તપાસતા અગાઉ તેણીની સંમતિ લીધેલી, જમણા હાથના અંગુઠાનું નિશાન તથા ઓળખના ચિન્હોની નોંધ કરેલી જે અસલ યાદી આંક–પી/૧૬ થી રજુ કરેલ છે તેમજ ભોગ બનનારે તેઓ રુબરુ હિસ્ટ્રી જણાવેલ જેમાં "હું અશોક મિલની બાજુમાં નરોડા રહું છું. હું મુકેશને બે વર્ષથી ઓળખું છું. અમે મેઘાણીનગર મ્યુનીસીપાલીટીમાં કામ કરીએ છીએ. આજથી બે વર્ષ પહેલાં તેણે મને ચ્હા માં કંઇક નાંખીને પીવડાવીને બેહોશ કરી નાંખી હતી અને મારી મરજી વિરુધ્ધ શારીરિક સંભોગ કર્યો હતો. ત્યારબાદ તે મારી સાથે મને ધમકી આપીને બે ચાર દિવસે એક વાર મેઘાણીનગર સાંઇ બાબાના મંદિરની પાછળ મારી સાથે મારી મરજી વિરુધ્ધ શારીરિક સંભોગ કરતો હતો. એપ્રિલ ૨૦૧૬ માં મારી બે દિકરીઓના લગ્ન હતા ત્યારે તેણે મને મોબાઇલમાં ફોટા પાડેલ છે, વિડીયો ઉતારેલ છે તેવી ધમકી આપીને કીધેલું કે તારા વરને બતાવી દઇશ. છેલ્લો શારીરિક સંભોગ તેણે માર્ચ મહિનામાં મારી મરજી વિરુધ્ધ કરેલો. ત્યાર બાદ મેં તેને ના પાડતા ઉપર મુજબની ધમકી આપેલી. તે મને એક વખત કૃષ્ણનગર સરગમ ગેસ્ટ હાઉસ ખાતે ફેબ્રુઆરી ૨૦૧૬ માં લઇને મારી સાથે મારી મરજી વિરુધ્ધ શારીરિક સંભોગ કરેલો. આજથી પંદર દિવસ પહેલાં મેં પોલીસ સ્ટેશનને ફરીયાદ કરેલી અને આજરોજ અત્રે અહિં લાવેલ છે." વધુમાં સાહેદે સરતપાસમાં જણાવેલ છે કે, તેઓએ ભોગ બનનારની શારીરિક તપાસ કરેલી, તેણી પરણીત હતી અને પાંચ બાળકો હતા, તેણીના શરીર પર, ગુપ્તાભાગ કે કપડા ઉપર કોઇપણ જાતની ઈજાના નિશાન કે ડાઘા જણાયેલ ન હતા. સાહેદે તેણીના જરુરી મેડીકલ નમુના એકત્તર કરી વુમન પો.કો.ને સુપ્રત કરેલ અને તેણીની સોનોગ્રાફી તપાસ પણ કરાવેલી તેમ જણાવી સારવારનું સર્ટીફીકેટ આંક–પી/૧૭ થી રજુ કરેલ છે.

સદર સાહેદ બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારે છે

કે, દોઢ થી પોણા બે વર્ષ પહેલાનાં બનાવના સંદર્ભે પીડીતની શારીરિક તપાસ દરમ્યાન બળાત્કાર થયેલ છે કે કેમ તે કહી શકે નહી. એ પણ સ્વિકારે છે કે, તેમની તપાસ દરમ્યાન ભોગ બનનાર સાથે બળાત્કાર થયેલ છે કે કેમ તે તેઓ ચોક્કસ કહી શકે નહી તેમજ તેણીની મેડીકલ તપાસ દરમ્યાન તેણીના શરીર ઉપર કોઇ આંતરીક કે બાહ્ય ઈજાઓ હતી નહી.

૨૦. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે **સાહેદ નંબર ૧૦ જીજ્ઞા શીરીષચંદ્ર દવે નાઓએ આંક–૩૯** થી સોગંદ ઉપર તપાસેલ છે. તેમના પુરાવા મુજબ તા.૧૮.૦૭.૨૦૧૯ ના રોજ તેઓ મેડીકલ ઓફિસર તરીકે સીવીલ હોસ્પિટલ ખાતે ફરજ બજાવતા હતા તે દરમ્યાન મેઘાણીનગર પોલીસ સ્ટેશનની યાદી સાથે પો.કો. આરોપીને શારીરિક તપાસણી માટે લાવતા, તેઓએ આરોપીની સંમતી લીધેલી, તેના ઓળખના ચિન્હોની નોંધ કરેલી, આરોપીએ હિસ્ટ્રી આપેલ જેમાં " હું ધોરણ નવ પાસ છું હું ભોગ બનનારને ત્રણ વર્ષથી ઓળખું છું. અમે સાથે સફાઇકામ કરતા હતા. પછી અમને બંન્નેને પ્રેમ થયો. અમે અવારનવાર મળતા, અમે અમદાવાદમાં ફરવા જતા. છેલ્લા છ મહિનાથી મારે તેની સાથે કોઈ વાત થઇ નથી. મારા સોળ વર્ષ પહેલા મેંરેજ થયેલા છે અને મારે ૧૪ અને ૧૨ વર્ષના બે છોકરા છે. ભોગ બનનારના પણ મેંરેજ થઇ ગયા છે અને તેને ત્રણ છોકરીઓ અને બે છોકરા છે. અમે બંન્ને અમારી મરજીથી ઘણીબધી વાર શારીરિક સંબંધ રાખેલો છે. છેલ્લો સંબંધ સાત આઠ મહિના પહેલા રાખેલો છે." વધુમાં સાહેદે સરતપાસમાં જણાવેલ છે કે, તેઓએ આરોપીની જરુરી મેડીકલ તપાસણી કરેલી, જરુરી સેમ્પલ એકત્ર કરી પો.કો.ને સુપ્રત કરેલ, તેના શરીર ઉપર કે ગુપ્તભાગ ઉપર કોઈ બાહ્ય ઈજાના ચિન્હો ન હતા. આરોપીને યુરોલોજી વિભાગમાં રીફર કરેલા ત્યારે ઇલેકટ્રો વાયબ્રેટરી મેથડથી થયેલું તેમ જણાવી આરોપીની સારવારની

યાદીઓ આંક–૪૦ તથા આંક–૪૧ થી તેમજ સારવારનું સર્ટીફીકેટ આંક–૪૨ થી રજુ કરેલ છે.

<u>**હોટલ મેનેજરનો પુરાવો:–**</u>

**૨૧.** ફરીયાદપક્ષે **સાહેદ નંબર ૧૧ કસરુ પ્રેમજી પાટીદાર નાઓને આંક–૪૪** થી સોગંદ ઉપર તપાસેલ છે. તેમના પુરાવા મુજબ તેઓ સને–૨૦૧૬ ની સાલમાં હોટલ સગરમ, ઠકકરબાપાનગર, અમદાવાદ ખાતે મેનેજર તરીકે ફરજ બજાવતા હતા. તેઓએ હોટલના રજીસ્ટરનો ઉતારો આંક–૪૫ થી રજુ કરી તેમાં અનુક્રમ નંબર ૫૮૧૯ પર ગ્રાહક–મુકેશભાઈ સાકરીયા તથા ભોગ બનનારનું નામ તેમજ ઉંમર, સરનામું અને આવ્યાની તારીખ, સમય તથા મોબાઈલ નંબર તથા આવનાર બંન્નેના અંગુઠાના નિશાન લીધેલા છે. આ એન્ટ્રી તેઓના હસ્તાક્ષરમાં કરેલી છે જેમાં આવ્યાની તા.૦૮.૧૦.૨૦૧૫ અને આવનાર ગ્રાહકને રુમ નં.૨૦૩ આપેલો તેમ જણાવેલ છે.

બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકીકત સ્વિકારેલ છે કે, બનાવની જાત માહિતી તેમને નથી.

**પંચ સાહેદનો પુરાવો:–**

**૨૨.** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે **સાહેદ નંબર ૪ કમલેશભાઈ રઘુનાથભાઈ સાકરીયા નાએ આંક–૨૦** થી તથા **સાહેદ નંબર ૫ કમલેશભાઈ કાંતિભાઈ વાઘેલા નાએ આંક–૨૨** થી સોગંદ ઉપરના પુરાવામાં આંક–૨૧ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજુ કરી તેમાં અનુક્રમે પંચ નંબર ૧ તથા પંચ નંબર ૨ તરીકે પોતાની સહીઓ પુરતો પુરાવો આપેલો છે. તેજ રીતે **સાહેદ નંબર ૬ ચિરાગ પ્રભાશંકર જોષી નાએ આંક–૨૪** થી સોગંદ ઉપરના પુરાવામાં આંક–૨૫ થી ભોગ બનનારના મેડીકલ પુરાવા કબજે કર્યાનું પંચનામું રજુ કરી તેમાં પંચ નંબર ૨ તરીકે પોતાની સહી પુરતો પુરાવો આપેલ છે. તેજ રીતે **સાહેદ નંબર ૭ મહેશભાઈ ચંદુભાઈ વાઘેલા નાએ આંક–૨૭** થી સોગંદ

ઉપરના પુરાવામાં આંક–૨૮ થી ભોગ બનનારના કપડા કબજે કર્યાનું પંચનામું રજુ કરી તેમાં પંચ નંબર ૧ તરીકે પોતાની તથા પંચ નંબર ૨ તરીકે કાંતિભાઇની સહી ઓળખી બતાવેલ છે તેમજ મુ.આ.નં. ૨ થી ૪ માંથી નિકળેલ પંચ સ્લીપોમાં પણ પોતાની તથા કાંતિભાઇની સહી ઓળખી બતાવેલ છે. તેજ રીતે **સાહેદ નંબર ૮ હરિશ નરોત્તમભાઇ વાઘેલા નાએ આંક–૩૨** થી સોગંદ ઉપરના પુરાવામાં આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામું રજુ કરી તેમાં પંચ નંબર ૧ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે તેમજ મુ.આ.નં. ૫ થી ૬ માંથી નિકળે પંચ સ્લીપોમાં પણ પોતાની સહી ઓળખી બતાવેલ છે. તેજ રીતે **સાહેદ નંબર ૯ વિનોદભાઇ કાળીદાસ સોલંકી નાએ આંક–૩૬** થી સોગંદ ઉપરના પુરાવામાં આંક–૩૭ થી ગુનાવાળી જગ્યા હોટલનું પંચનામું રજુ કરી તેમાં પંચ નંબર ૨ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે. તેજ રીતે **સાહેદ નંબર ૧૨ જયેશભાઇ અમૃતલાલ સોલંકી નાએ આંક–૪૭** થી સોગંદ ઉપરના પુરાવામાં આંક–૪૮ થી આરોપીના મેડીકલ પુરાવા કબજે કર્યાનું પંચનામું રજુ કરી તેમાં પંચ નંબર ૨ તરીકે પોતાની સહી પુરતો પુરાવો આપેલ છે. તેજ રીતે **સાહેદ નંબર ૧૩ મયુર અશોકભાઇ ચૌહાણ નાએ આંક–૪૯** થી સોગંદ ઉપરના પુરાવામાં આરોપીના મેડીકલ સેમ્પલ કબજે કર્યાનું પંચનામું રજુ કરી તેમાં પંચ નંબર ૨ તરીકે પોતાની સહી હોવા પુરતો પુરાવો આપેલ છે. તેજ રીતે **સાહેદ નંબર ૧૬ સુરેશભાઇ ભુરાભાઇ કલાલ નાએ આંક–૫૪** થી તથા **સાહેદ નંબર ૧૭ સોમાજી કુલાજી ઠાકોર નાએ આંક–૫૬** થી આરોપીની શરિર સ્થિતિનું પંચનામું આંક–૫૫ થી રજુ કરી તેમાં અનુક્રમે પંચ નંબર ૨ તથા પંચ નંબર ૧ તરીકે પોતાની સહીઓ હોવા પુરતો પુરાવો આપેલ છે.

**તપાસ કરનાર અધિકારીનો પુરાવો:–**

**૨૩.** ત્યારબાદ ફરીયાદપક્ષએ **સાહેદ નંબર ૧૮ અલ્કાબેન વિરમભાઇ વાઘેલા નાઓને આંક–૫૮** થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ સને–૨૦૧૬ માં મેઘાણીનગર

પોલીસ સ્ટેશન ખાતે વુમન પો.કો. તરીકે ફરજ પર હતા તે દરમ્યાન તા.૦૯.૦૭.૨૦૧૬ ના રોજ સદર ગુનાના કામે ભોગ બનનારની મેડીકલ તપાસણી કરાવવા સારુ પી.આઇ.શ્રીએ સિવીલ હોસ્પિટલ ખાતે મોકલેલ, તેઓએ ભોગ બનનારની મેડીકલ સારવાર કરાવી, જરુરી નમુના સિલબંધ પાર્સલ તેમજ ફોર્મ લાવી પી.આઇ. સમક્ષ રજુ કરતા બે પંચો રુબરુ પંચનામાની વિગતે કબજે લીધેલ.

બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકીકત સ્વિકારેલ છે કે, મારી હાજરીમાં મેડીકલ સેમ્પલ મેં રજુ કરેલા તે બાબતનું પંચનામું તપાસ કરનાર અધિકારીશ્રીએ કરેલું તેવું બનેલ નથી.

**૨૩.૧** તેજ રીતે ફરીયાદપક્ષે **સાહેદ નંબર ૧૯ રમેશકુમાર વશરામભાઇ પારઘી નાઓને આંક-૫૯** થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ સને-૨૦૧૬ માં મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે પો.હે.કો. તરીકે ફરજ પર હતા તે દરમ્યાન તા.૧૮.૦૭.૨૦૧૬ ના રોજ સદર ગુનાના કામે આરોપીની મેડીકલ તપાસણી કરાવવા સારુ પી.આઇ.શ્રીએ સિવીલ હોસ્પિટલ ખાતે મોકલેલ, તેઓએ આરોપીની મેડીકલ સારવાર કરાવી, જરુરી નમુના સિલબંધ પાર્સલ તેમજ ફોર્મ લાવી પી.આઇ. સમક્ષ રજુ કરતા બે પંચો રુબરુ પંચનામાની વિગતે કબજે લીધેલ.

**૨૩.૨** ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે **સાહેદ નંબર ૨૦ દિનેશચંદ્ર સોમાલાલ પુનરીયા નાઓને આંક-૬૦** થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ તા.૦૮.૦૭.૨૦૧૬ ના રોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશનમાં સીનિયર પોલીસ ઇન્સ્પેકટર તરીકે ફરજ ઉપર હતા તે દરમ્યાન સદર ગુનાની ફરીયાદ તેઓએ જાતે લીધેલી અને આગળની તપાસ સંભાળેલી. તપાસના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા, ગુનાવાળી જગ્યાઓનું પંચનામું કરેલું, ભોગ બનનાર તથા આરોપીની મેડીકલ સારવાર કરાવી મેડીકલ નમુના પંચનામાની વિગતે કબજે લીધેલ, આરોપીની શરીર સ્થિતિનું પંચનામું

કરેલ અને તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ તેમ જણાવી આરોપીને તથા કબજે લીધેલ મુદ્દામાલ કોર્ટ રુબરુ ઓળખી બતાવે છે. વધુમાં સાહેદે તેમના પુરાવા દરમ્યાન આંક–૬૧ થી ચાર્જ અમલદારનો રીપોર્ટ, આંક–૬૨ થી મુદ્દામાલ રવાનગી નોંધ, આંક–૬૩ થી એફ.એસ.એલ.ની પહોંચ, આંક–૬૪ થી એફ.એસ.એલ.ના પત્ર સાથે બાયોલોજી તથા સિરોલોજી વિભાગનો અહેવાલ રજુ કરેલ છે.

**૨૩.૩** સદરહું સાહેદ બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં એ હકીકત સ્વીકારે છે કે, ફરીયાદીની ફરીયાદ મુજબ આરોપીએ ચ્હા પિવડાવેલી તો આ ચ્હા ક્યાંથી લાવેલ છે કે તે ચ્હાનું વેચાણ કરનાર કોઇનું નિવેદન કે પુછપરછ તેઓએ કરેલ હોય તેવું બનેલ નથી. તેઓએ એ પણ સ્વિકારેલ છએ કે, ફરીયાદીને રીક્ષામાં બેસાડીને લઇ જવામાં આવેલ તેવા કોઇ રિક્ષા ચાલક અંગે કે રીક્ષા બાબતે કોઇ તપાસ કરવામાં આવેલ નથી. એ પણ સ્વિકારેલ છે કે, તેમની તપાસ દરમ્યાન આરોપી દારુ પીવાની ટેવવાળો હોય તે સારુ એવા કોઇ આધાર પુરાવા મળી આવેલ નથી. એ પણ સ્વિકારે છે કે, તેમની તપાસ દરમ્યાન ભોગ બનનારના ફોટા અને વિડીયો ઉતારી લેવામાં આવેલ હોય તો તેવા કોઇ ફોટા કે વિડીયો મળી આવેલ નથી. એ પણ સ્વિકારે છે કે, ફરીયાદીની દિકરીના ત્રણ મહીના પહેલા લગ્ન હતા તેવું કથન છે તો તે ખરેખર તેની દિકરીના લગ્ન હતા કે કેમ તે દર્શાવવા કોઇ કંકોત્રી કે પુરાવો તપાસના કામે મેળવેલ નથી. એ પણ સ્વિકારે છે કે, ફરીયાદીના આક્ષેપ મુજબ દોઢ લાખ ટુકડે ટુકડે અને સોનાની ચેન તેમણે આપેલ તો તે બાબતના કોઇ પુરાવા કે માલિકી દસ્તાવેજો ફરીયાદીએ રજુ કરેલ નથી કે આવી કોઇ વસ્તુ કે રકમ તપાસના કામે કબજે થયેલ નથી.

**૨૪.** આમ, સમગ્ર હકીકતે ફરીયાદપક્ષે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું જીણવટભરી રીતે મુલ્યાંકન કરવામાં આવે તો, એ હકીકત નિર્વિવાદીત છે કે, ભોગ

બનનારના પતિ, દિયર અને બનેવીને અનુક્રમે આંક–પી/૧૪, આંક–૫૩ અને આંક–૫૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ તમામ સાહેદો વાસ્તવમાં કથોપકથીત પુરાવો આપનાર સાહેદો છે. તેમને બનાવની ખબર અન્ય વ્યકિત મારફતે પડેલી છે. એટલે કે આ કામમાં ભોગ બનનારનો પુરાવો ખુબજ મહત્વનો હોય તેમના પુરાવાનું મુલ્યાંકન બારીકાઇથી અને ચીવટપુર્વક કરવુ ઘટે.

**૨૪.૧** ભોગ બનનારની જુબાની મુજબ સને–૨૦૧૬ માં આરોપી તેની માતૃશ્રીની જગ્યાએ સફાઈ કામ કરવા માટે આવેલા અને તેમના કથન મુજબ ભોગ બનનાર આરોપીને પસંદ છે, પ્રેમ કરે છે તેવી વાતો કરતા. હવે ભોગ બનનારે જે પ્રથમ બનાવ બાબતે હકીકત જણાવેલ છે કે સફાઇ કામ કરતી હતી તે વખતે પાણીની બોટલ ઘરેથી લઇ જતા અને તે વખતે પ્લાસ્ટીકની થેલીમાં આરોપી ચ્હા લઈ આવેલ અને ચ્હા પીવાનો આગ્રહ કરેલ. જો કે કોઇ તારીખ કે સમયગાળાનો ઉલ્લેખ ભોગ બનનાર કરી શકતા નથી. મહત્વની હકીકત એ છે કે, ભોગ બનનારના કથન મુજબ ભોગ બનનારને ચ્હા પીધા બાદ ચકકર આવતા હોય, આરોપી તેણીને ઝાડીમાં લઇ જઇ દુષ્કૃત્ય આચરેલ હોય તો આ બાબતે પણ કોઇ તપાસ તપાસ કરનાર અધિકારી દ્વારા થયેલ નથી કે કોઇ પુરાવો પણ મળી આવેલ નથી. એટલુંજ નહિં બીજા દિવસે ભોગ બનનારને ફરીથી ભોગ બનનારની છોકરી કોલેજમાં ભણતી હોય તેને ઉપાડી જઇ ભોગ બનનાર જેવી હાલત કરીશ અને તેના ફોટા અને વિડીયો બધાને બતાવી દેશે તેવી ધાક–ધમકી આપેલ. પરંતુ, ભોગ બનનાર પોતે તેમની સરતપાસમાં પ્રથમ વખત બનેલ બનાવ બાબતેના કોઇ ફોટા કે વિડીયો ઉતારેલા હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી. વળી, તપાસ કરનાર અધિકારી ડી.એસ.પુનરીયા આં–૬૦ થી એ હકીકત બાબતે સ્વિકાર કરે છે કે, “એ વાત ખરી છે કે, મારી તપાસ દરમ્યાન ભોગ બનનારના ફોટા કે વિડીયો ઉતારી લેવામાં આવેલ હોય તો તેવા કોઇ ફોટા કે વિડીયો મળી આવેલ નથી.” તેવીજ

રીતે ભોગ બનનારના કથન મુજબ આરોપી દારુ પીવા માટે પૈસા માંગતા હતા અને તેમના ફોટા અને વિડીયો બતાવવાનું કહી, તેણીની દિકરીની સગાઇ થઇ ગયેલ હોય ત્યાં તેની સાસરીમાં બધાને ફોટા બતાવશે તેમ કહી કટકે કટકે રુપિયા દોઢ લાખ આરોપી લઇ ગયેલ તો આ રકમ પણ કઇ તારીખે, કેવી રીતે અને કોની હાજરીમાં લઇ ગયેલ તે બાબતનો પણ કોઇ સ્પષ્ટ પુરાવો ભોગ બનનાર આપી શકતા નથી. એટલુંજ નહિ એક વખત પૈસા આપવાની ના પાડતા આરોપીએ ભોગ બનનારના ગળાની ચેન ખેંચી લઇ ગયેલ તો તે દિવસ કે તારીખ પણ જણાવી શકતા નથી. એટલી હકીકત સ્પષ્ટ છે કે, જે આક્ષેપિત બનાવો ભોગ બનનાર જણાવે છે તેનો કોઇ સમયગાળો કે ત્યારબાદ કોઇ કાર્યવાહી ભોગ બનનારે કરેલ હોય અથવા તો ભોગ બનનાર દ્વારા કોઇ અન્ય વ્યકિતને જણાવવામાં આવેલ હોય તેવો કોઇ કેસ ફરીયાદપક્ષનો નથી.

**૨૪.૨** સ્વાભાવિક છે કે ભોગ બનનાર દ્વારા સને–૨૦૧૬ ના બનાવની વાત કરેલ છે ત્યારે ફરીયાદ તા.૦૮.૦૭.૨૦૧૬ ના રોજ આપેલી છે. જેમાં ભોગ બનનારે પોણા બે વર્ષ પહેલા આરોપી સાથે ચ્હા પીધા બાદ તેણીની સાથે દુષ્કૃત્ય થયેલ હોવાની હકીકત જણાવેલ છે. આમ, ફરીયાદ અને ફરીયાદી/ભોગ બનનારની સરતપાસની હકીકતોમાં મહત્વનો વિરોધાભાસ છે જે બનાવ બાબતે આવે છે. સરતપાસ મુજબ સને–૨૦૧૬ માં આરોપી તેની માતાની જગ્યાએ કામ કરવા આવતો હતો તેવું જણાવેલ છે. જ્યારે ફરીયાદમાં પોણા બે વર્ષ પહેલા ઝાડી ઝાંખરામાં દુષ્કૃત્ય આચરેલ હોવાની હકીકત જણાવે છે. આમ, ભોગ બનનાર ફરીયાદની હકીકતો ઉપર યથાર્થપણે ઉભા પણ રહી શકતા નથી.

**૨૪.3** આમ, ભોગ બનનાર દ્વારા આરોપીને આવા ગંભીર પ્રકારના ગુનામાં સંડોવતો કોઇ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. જે સોગંદ ઉપરના કથનો કે ભોગ બનનાર સરતપાસમાં કરેલ છે પરંતુ, ભોગ બનનારની વર્તણૂંક જોતા તેમના ઉપર

આધાર રાખી શકાય તેમ નથી. સ્વાભાવિક પણે ફરીયાદ ખુબજ મોડી થયેલી હોય કોઇ તબિબિ પુરાવો કે એફ.એસ.એલ.નો પુરાવો પણ કોર્ટ સમક્ષ આવી શકેલ નથી. જેથી એવા સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી સામેની આક્ષેપિત હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે.

**૨૫.** આમ, ફરીયાદપક્ષ આ કામના આરોપીએ આશરે દોઢેક વર્ષ પહેલાં ફરીયાદી સાથે સંબંધો કેળવી "તું મને બહુ ગમે છે અને મને તારી સાથે પ્રેમ થઇ ગયો છે" તેમ કહી ફરીયાદીએ કહેલ કે" હું પરણીત છું, પાંચ બાળકોની માતા છું અને તારી સાથે સંબંધ રાખવા માંગતી નથી" તેમ છતાં આરોપીએ ફરીયાદીને પ્રેમસંબંધ રાખવા જણાવી, પોણા બે વર્ષ પહેલા સવારે દસેક વાગ્યાના સુમારે ફરીયાદી ઉમિયાનગર વિસ્તારમાં સફાઇ કામ કરવા ગયેલ ત્યાં આરોપીએ જઇ ચ્હામાં નશાયુક્ત પદાર્થ નાંખી, ફરીયાદીને પીવડાવતા તેણીને ચકકર આવતા, ફરીયાદીનો હાથ પકડી ગણપતિ મેદાન ઉમિયાનગરથી આઇ.જી.પી. કંમ્પાઉન્ડમાં આવેલ સાંઇબાબાના મંદિર પાસે અવાવરું જગ્યામાં ઝાડીઓમાં લઇ જઇ, ફરીયાદી સાથે સંભોગ કરેલ અને ત્યારબાદ ધમકી આપેલ કે, “કોઇને વાત કરીશ તો તને તથા તારા કુટુંબીજનોને મારી નાંખીશ અને તને બદનામ કરી નાંખીશ હું તને કહું તેમ તારે કરવું પડશે”તેમ કહી તા.૦૮.૧૦.૨૦૧૫ ના રોજ હોટલ સરગમ ગેસ્ટ હાઉસ, હિરાવાડી ખાતે લઇ જઇ હોટલના રજીસ્ટરમાં આરોપીએ પોતાની પત્ની સાહેદ નં. ૨૦ નું નામ લખાવી પોતાની પત્નીનું પ્રુફ આપી રુમ નં.૩ માં લઇ જઇ, ફરીયાદીને ધાક-ધમકી આપી બળાત્કાર સંભોગ કરી, ગુનો કરેલ હોવાનું નિશંકપણે પુરવાર થતું ન હોય, તપાસ કરનાર અધિકારીનો પુરાવો તેમજ એફ.એસ.એલ.ના દસ્તાવેજી પુરાવાથી પણ આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેવો હાથ ઉપરનો કેસ ન હોય, ભોગ બનનારનો સમગ્ર પુરાવો તેમજ કેસના સંજોગો તથા હકીકતો ધ્યાને લેતા આ કામના ભોગ બનનારને કોઇ વળતર ચુકવા પાત્ર કેસ જણાતો

ન હોય, હાલના આરોપી વિરુધ્ધનો કેસ ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય, મુદ્દા નંબર ૧ નો જવાબ "નકારમાં" આપી મુદ્દા નંબર ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**:: આ ખ રી હુ ક મ ::**

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫(૧) અન્વયે આરોપી **મુકેશભાઇ ગોવિંદભાઇ સાકરીયા** નાઓએ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજીસ્ટર નંબર:-૪૭/૨૦૧૬, ઇ.પી.કોડની-૩૭૬, ૩૨૮,૫૦૬(૧) મુજબ મુજબના ગુનાના કામે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ બિનકિમીત હોય તેનો અપીલ સમય પુર્ણ થયેથી નિયમોનુસાર નાશ કરવા હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ ૪૩૭-એ મુજબ છ મહીના સુધીની આરોપીને ઉપરની (એપેલેટ) કોર્ટની નોટીસ મળેથી જયારે અને જયાં બોલાવે ત્યારે અને ત્યાં હાજર રહેશે તેવી બાહેધરી રુપે આરોપીએ રુ.૫,૦૦૦/- (અંકે રુપિયા પાંચ હજાર પુરા) નો જાત મુચરકો અને તેટલીજ રકમના જામીન આપવા.

(૪) આ કામે ભોગ બનનારને કોઇ વળતર ચુકવવાનો હુકમ કરવામાં આવતો નથી.

આ હુકમ આજરોજ તારીખ **૨૨** મી માહે **જાન્યુઆરી** સને **૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૨/૦૧/૨૦૨૫<br>
સ્થળ-અમદાવાદ

(પ્રકાશ ખુબચંદ ખાનચંદાણી)<br>
અધિક સત્ર ન્યાયાધીશ,<br>
કોર્ટ નંબર-૨૦, અમદાવાદ શહેર,<br>
**કોડ નં.જીજે૦૦૮૦૬**

//HDP//